Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

# જીવન જીવવાની રીત શીખવતો અદ્ભૂત ગ્રંથ શ્રીમદ્દ ભગવદ્દ ગીતા

ડો.હરેશકુમાર કે. પંચાલ,
વાઈસ પ્રિન્સીપાલ & આસિસ્ટન્ટ પ્રોફેસર, ડીપાર્ટમેન્ટ ઓફ હિસ્ટ્રી,
નવજીવન આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદ

---

સર્વ ધર્મગ્રંથ, વેદ, વેદાંગ-ઉપનિષદનો સાર એટલે ગીતા દિવ્ય ચિંતનનો સ્ત્રોત્ર તો ગીતા જીવન દેવાનું, સંજીવની દેવાનું કાર્ય પણ કરે છે. મંગલકારી ગીતા અમૃત સમાન છે. જેમાં જીવનનો બધો સાર સમાયેલો છે. બધા પ્રકારની પીડામાંથી છૂટવા અને પુણ્યની પ્રાપ્તિ કરવા ગીતાના પાઠનું મહત્વ અનેરૂ છે.

સામાન્ય જીવનનું વૈતરું કરતા લોકો માટે ગીતા નવો પ્રાણ પૂરવાનું કાર્ય કરે છે. એટલે આ ગ્રંથ સામાન્ય નથી તેને માત્ર બે હાથ જોડી પ્રણામ કરવાનો નથી પરંતુ તેનું વાંચન કરી મનન-ચિંતન કર્યા પછી તેને દૈનિક જીવનમાં વ્યવહારમાં ઉતારવાનું છે. નિરાશામાંથી પ્રસન્નતા તરફ દોરનાર, મરણધર્મી માનવ જીવનને અમૃતમય બનાવવાનો બોધ જે જગ્યાએથી મળે છે તે શ્રીમદ્દ ભગવદ્દ ગીતા. જેને પ્રાપ્ત કર્યા પછી જે શાશ્વત છે તે છે પરમતત્વ પરબ્રહ્મ તેવા પરમેશ્વરની સતત નજીક જવાનું છે. પ્રમાદી વ્યક્તિને કર્મઠતાનો,નિંદ્રામાં પોઢેલાને જાગૃત કરવાના, પડેલાને ઉભા કરવાનો ઉપાય ગીતા છે. ગીતા માત્ર યુદ્ધનું ગીત નથી પણ જીવનનું સંગીત છે. મહાભારતમાં યુદ્ધને ધર્મયુદ્ધ પણ કહેવાયું છે. ગીતાનો સાંખ્યયોગ જાગૃત બનવાનું સૂચન કરે છે. આવી જાગૃતિ જે જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ બદલાવી નાખે છે.

'શ્રીમદ્દ ભગવદ્દ ગીતા'માં જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગની પૂર્ણ ચર્ચા થઈ છે. તેના બીજા અધ્યાયમાં સાંખ્યયોગ દ્વારા સ્થિત પ્રજ્ઞાજ્ઞાનીનાં લક્ષણો દર્શાવ્યા છે તો ત્રીજા અધ્યાયમાં કર્મયોગ અને બારમાં અધ્યાયમાં ભક્તિયોગની વિશદ્ ચર્ચા થઈ છે.

જેના પ્રમાણે જ્ઞાન સર્વસ્વ છે. પોતાના મૂળ સ્વરૂપને જાણવાનું છે. શરીરની નાશવંતાને ઓળખવાની છે. અવિનાશી આત્માને પારખવાનો છે. દેહાન્તર પ્રાપ્તિ સંસાર જીવનનો ક્રમ છે. પરિવર્તન જીવનનો સ્વભાવ છે. જે આ સમજે છે તે સંસારના સાગરને પાર કરી જાય છે.

માણસ વ્યવહારમાં હોય કે વ્યવહારની બહાર, ઘરમાં હોય કે વનમાં, ત્યાગી હોય કે ભોગીને ગમે તેવા વાતાવરણમાં વસતો હોય તો પણ જીવનની ઉન્નતિના કર્મો તેણે કરવાં જ જોઈએ. માણસ ઘર, કુટુંબને સમાજનો ત્યાગ કરે તથા સંન્યાસી થઈને એકાંતમાં વાસ કરે તો પણ  તેણે પ્રમાદી બનવું ન જોઈએ. કર્મનો સદંતર ત્યાગ કરીને નિષ્ક્રિય બનવાનું પસંદ કરવું જોઈએ નહીં. બીજા પદાર્થોનો ત્યાગ કરવામાં આવે તો ભલે, પણ કર્મનો ત્યાગ કરવાની જરૂર નથી. બીજી વસ્તુનો નાશ મદદ કરશે પણ તેથી આગળ વધીને કોઈ શ્રમણા, રૂઢિ કે પૂર્વગ્રહને વશ થઈને જો તે કર્મનો પણ સંન્યાસ લેશે ને તેમાં ગૌરવ ગણશે તો તેને માટે તે દ્યોતક થશે. પોતાના હાથે તે પોતાને નુકશાન કરશે એ સમજી લેવાની જરૂર છે. સંન્યાસી દુર્ગુણનો ત્યાગ કરે, ખોટા વિચાર, વિકારને વાસનાનો ત્યાગ કરે, ને અહંતા અને મમતાથી મુક્તિ મેળવે તે તેના લાભમાં છે. પણ કર્મનો ત્યાગ કરવાનો વિચાર પણ ન કરે, જે વસ્તુઓ જીવનના વિકાસની વચ્ચે આવે છે. અથવા જે પોતાની પ્રગતિમાં અંતરાયરૂપ છે. તેનો ત્યાગ તે જરૂર કરે પરંતુ પ્રગતિને પોષનારી વસ્તુનો ત્યાગ કરીને પોતાનું અધ:પતન કરવાનું આંધળુ સાહસ તે કદાપિ ના કરે કર્મ કરવાથી ઉપાધિ વધે છે, કલેશ થાય છે, ને કેટલીકવાર દુ:ખનો અનુભવ કરવો પડે છે. એમ માનીને પણ કર્મ કરવાનું મુલતવી રાખવાનું ડહાપણભર્યું નથી. કર્મ કરવાથી, ઉપાધિ હોય તો પણ મળી શકે છે. કર્મનું પરિણામ કેવું આવશે, ને તેથી અસર કેવી થશે તે કર્મ કરનાર માણસ પર અવલંબે છે. કર્મ કરવામાં પણ કુશળતાની જરૂર પડે છે. કર્મ કોઈ સાધારણ વસ્તુ નથી કોઈ જડ, યાંત્રિક પ્રવૃત્તિ પણ નથી તે તો મહાન સાધના છે. યોગ અથવા કળા છે. તેને કળાત્મક રીતે કરવામાં આવે તો તે માણસનો ઉદ્ધાર કરે છે માટે કર્મ કરવાની કળામાં પારંગત થઈ જવું જોઈએ.

પોતાના કર્મ કે ધર્મમાં કોઈ દોષ દેખાય, ને બીજાનું કર્મ ને બીજાનો ધર્મ નિર્દોષ લાગે તો પણ પોતાના કર્મધર્મનો ત્યાગ કરવાનું બરાબર નથી બધા કર્મો થોડા કે વધારે દોષથી ભરેલાં છે. તે દોષને દૂર કરવાનો પ્રયાસ કરવાને બદલે કર્મનો ત્યાગ કરવા તૈયાર થવાનું બરાબર નથી. પોતાના સહજ કર્મને કરતા રહેવાની જરૂર છે. કેટલાક માણસો એવા પણ છે જે માને છે કે દાતણ કરવાની જરૂર નથી ને દૃષ્ટિએ વિચારીએ તો તેમને ન્હાવાની, ખાવાની ને જીવવાની પણ જરૂર ન રહે. માણસ શ્વાસ લે છે તેમાં પણ અનેક જીવ હોય છે. તેમનો નાશ થાય છે તે ચાલે છે ત્યારે પણ કેટલાય જીવોની હત્યા થાય છે. માટે તેણે ચાલવાનું પણ બંધ કરવું

જોઈએ. પણ એમ કરવાથી કામ કેવી રીતે ચાલશે ? તેનું શરીર ધારણજ હિંસાના પ્રતીકરૂપ છે. માટે તેણે પોતાની હત્યા કરતી જોઈએ એમ કોણ કહેશે ? આપઘાત જેનું પાપ બીજુ કોઈ નથી. એટલે તેની ભલામણ કોઈ ડાહ્યો માણસ ભાગ્યેજ કરશે. દાતણ કરવાથી હિંસા થતી હશે પણ દાતણ ન કરવાથી પણ હિંસા નથી થતી તેનાથી ગંદકી નથી વધતી એવું કોણે કહ્યું ? માટે જેટલું જરૂરી છે તેટલું કર્મ તો માણસે કરવું જ રહ્યું તેમાં દોષ દેખાય તો પણ તેને મૂકી દેવાની જરૂર નથી.

**સારાંશ** :

કૌરવ અને પાંડવનું યુદ્ધ પૂરું થયું તેને વર્ષો વીતી ગયાં તે એક દૂરના ભૂતકાળની ઘટના બની ગઈ પરંતુ તેના પરથી તૈયાર થયેલું ગીતાનું કલેવર આજે પણ ટકી રહ્યું છે. ગીતાનું ગૌરવ આજે પણ એવું જ અજોડ બનીને ઉભું રહ્યું છે. તેના પરથી આપણને આનંદ આપે છે. તેની અમરતાનું કારણ શું ? એક મોટું કારણએજ કે તેમાં માનવના સનાતન પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**સંદર્ભ સૂચિ** :


- श्री रामचन्द्र केशव डोंगरेजी महाराज, "श्रीमद्भागवत– रहस्य", ज्योतिषप्रकाशन, वाराणसी, सन्१९९६
- ભાણદેવ,"ભાગવત-વિદ્યા", પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.૨૦૦૨
- યોગેશ્વરજી હિમાલય નિવાસી મહાત્માશ્રી,"ગીતા દર્શન", સાહિત્ય સંગમ, ગોપીપુરા, સુરત-૧
- https://www.gu.m.wikipedia.org.wiki